**પરમ પૂજ્ય શ્રી કનુદાદાજીના નુતન વર્ષ વિક્રમ સંવત ૨૦૬૯ના આશીર્વાદ**
**ઔકલૈંડ, ન્યુ જીલેંડથી...**

**ભાવેશચંદ્રજી** : (ફોનની ઘંટડી વાગે છે) હેલો !

**દીપકાનંદજી** : દાદાજી છે?

**ભાવેશચંદ્રજી** : હા, જય સચ્ચિદાનંદ, હા. એક મિનિટ હાં. લો આપું દાદાને...

## આશીર્વચન

**દાદાશ્રી** : જય સચ્ચિદાનંદ. આપ્તપૂત્રો સાહેબો! મહાત્માઓ! જે મહાત્મા દશાને પામ્યા છીએ તે મહાત્માઓ, આપ્તપૂત્રો સાથેના તેઓની સાથે પરમ વિનય સ્વરૂપે રહીને, તેમને સમજે. મહાત્માઓ, મહાત્મા દશા જ્યાં જ્યાં એમને સમજાય ત્યાં એ દશાને સમજીને પોતાના મહાત્મા પદને સાર્થક કરે, તે મહાત્માઓ માટે અમારો આજનો આ પરંપરાનો દિપાવલીનો શુભ અવસર છે, પર્વ છે, જે 'Festival of Lights' કહેવાય છે તે નિમિત્તે તેમજ આપણે નૂતન વર્ષ એટલે કે આપણા હિન્દુ Calendarનું નવું વર્ષ આપણે ઊજવીએ છીએ અને પ્રવેશ કરીએ છીએ તેના માટે, તે અમારો સંદેશો આજે અમે તમને આપીએ છીએ. તો એમાં અહીંયા આગળ આ ભાવેશભાઈ અને ભાવિનીબેન અને એમની લક્ષ્મીજી – મહાલક્ષ્મીજીની પૂજા કરતાં હતા, એ પળ સહેજે કરતાં હતા ને અમારાથી નીકળી ગયું, તે મનહરબાને ખૂબ ગમ્યું એટલે કે આપણે આ પૂજામાં બધાને બોલાવજો અહીંયા બધા ઘરનાને. એટલે અમે એમને એ બોલ્યા એમાં અમારાથી ત્રણ સૂત્રો સ્વરૂપ કઈક નીકળી ગયું, તે અમે બોલીએ છીએ.

**નંબર 1** : આપણે, સમર્પિત મહાત્મા દ્રષ્ટિથી ભગવાનની હૃદયમાં હાજરી રાખીએ અને પછી વ્યવહાર કરતા તથા સમજતા જઈએ. આવી રીતે, આપણને, વ્યક્તિગત મહાત્મા-સ્વરૂપે, આપણી જ પોતાની સમજ પડતાં પડતાં, આપણા પોતાના વ્યવહારની તેમજ સર્વમાન્ય સંબંધોના વ્યવહારની બધી બાબતોમાં સામાન્યપણે એટલે કે નોર્માલીટીથી સમજતાં સમજતાં, સર્વ વ્યવહારોમાં સમ્યક સમજવાળા થતા જઈશું.

**નંબર 2** : મહાત્મા, એ એના મન, વચન અને કાયના વ્યવહોરોના, નામ તથા નામની માયાના તથા ભાવકર્મ – દ્રવ્યકર્મ – નોકર્મના સપ્તર્ષિ-સ્વરૂપ સાત પોટલાંના વિશેની ભ્રાંતિ જ્ઞાની સદગુરુને સમર્પણ કર્યા પછી જ મહાત્મ-દશાને પ્રાપ્ત થાય છે અને પછી સતપુરુષ (સદગુરુ)થી પ્રાપ્ત નિશ્ચાયત્મક વ્યવહારના આજ્ઞાધર્મથી, ભગવત – વ્યવહારના જીવનથી તેના વ્યવહારોનો સમભાવ દ્રષ્ટિથી નિકાલ કરતો જતાં જીવન-મુક્ત દશાથી મહાત્મા-દશાથી જીવી જતો જાય છે.

**નંબર 3** : મહાત્મ-દશાએ થઈને, આપણે આપણી વ્યક્તિગત સમર્પણતાને સામાન્ય-દર્શન ઉપયોગ સ્વરૂપે સમજતા જઈશું, તે જ, આપણી, મહાત્માની, નીરંતરની ભાવપૂજાસ્વરૂપ ધનતેરશની પૂજા થતી રહેશે. અને આપણને નિરંતરના નૂતન વર્ષની અનુભૂતિ રહ્યા કરતી રહેશે.

**પરમ પૂજ્ય શ્રી કનુદાદાજીના નુતન વર્ષ વિક્રમ સંવત ૨૦૬૯ના આશીર્વાદ**

**ઔકલૈંડ, ન્યુ જીલેંડથી...**

આ સમાચાર છે અમારા...

તો અમે અંતમાં એટલું જ કહીશું કે જેટલી સમજ આપણને પોતાને પોતાના વિશે પડતી જતી જશે તેટલી જ સમજ આપણને બીજાઓ સાથે, બીજાઓ સાથે રહેતા મહાત્મા શું કે કોઈ પણ જન શું ? એ બધાં સાથે રહેતા રહેતા દરેકની સમજ આપણને પડતી જતી જશે. વ્યવહારને વ્યવહારથી વ્યવહાર સ્વરૂપે અને ભગવાનને ભગવત સ્વરૂપના અંદર ભગવત સ્વરૂપમાં, ભગવત સ્વરૂપે ભગવાનને, આ બેય રીતે સમજ પડતી જતી જશે, એ સમજ જેટલી જેટલી પડતી ગઈ એ બધી આપણી સ્વતંત્રતા, એ આપણું Freedom. જેટલી જેટલી સમજ પડતી ગઈ, એટલો એટલો આપણો અંતરથી Freedom, સ્વતંત્રતા - જે કાયમની હોય ત્યારે જ એ સ્વતંત્રતા કહેવાય, તો આ સ્વતંત્રતા અમે કહીએ. એટલે સમજ પડી અને સમજ પડેલો જેટલો ભાગ હોય શરીરમાં એ બધો આપણને સ્વતંત્રતાની feeling થવાના શરૂઆતથી માંડીને જેને તે કોઈ સંસારના દ્વંદ્વ સબંધોથી ઈતર સ્વરૂપે જેટલો અંદર હૃદયમાં આનંદ આવે ત્યાંથી આગળ વધતાં વધતાં સંપૂર્ણ થાય, અનુભવ એમાં આવતી જાય છે, આ સ્વતંત્રતા છે. આ અમારા આશીર્વાદ, આ જ છે મહાત્માઓ, માણો નિરંતર સ્વરૂપે માણો અને પરાપર્વના આ દિપાવલીના - Festival Of Lightના પર્વ તેમ જ નૂતનવર્ષના આનંદના વર્ષ સ્વરૂપથી આપણે સમજીએ. આ જ અમારો સંદેશો છે.

અંતરથી તો મહાત્માઓને નિત દિવાળી હોય, નિત નૂતન વર્ષ હોય, નિત નૂતન વર્ષ! એટલે અનુભવ એ જ છે આખો સતત આ ચલિત વિશ્વમાં આપણો આ કાયમનો અચળ અનુભવ છે. અમારા આપને બધાને ખૂબ ખૂબ આશીર્વાદ છે, આ માટે જ. જય સચ્ચિદાનંદ! એટલે સમજ આવે કે તરત જ આપણને અનુભવ થાય છે છુટ્ટાનો...

તો કોણ કોણ છુટ્ટા? શુદ્ધાત્મા છુટ્ટા કે નામધારી દીપક? છુટ્ટાનો અનુભવ થાય છે... તે અનુભવ કહેવાય, એ Freedomનો અનુભવ થાય એમ ! એ Freedomનો અનુભવ નામધારી દીપકને થાય છે, તે અનુભવ કહેવાય, કે શુદ્ધાત્માને એને થવો જોઈએ, તો એને કહેવાય?... હા, બસ બસ આટલી જ વાત છે. એટલે તો Americaમાં લોકો કહે છે કે અમે free Countryમાં રહીએ છે. મે તો મગનકાકાને કહ્યું કે તમે free countryમાં રહો છો, તમને તો Freedom જ હોય ને? તો કે ના, સમજ, સમજ, સમજ કહીએ છીએ. ના, સમજીએને તેને Freedom કહેવાય, તો જ આપણને અંદર Freedom રહ્યા કરશે. **Freedom એવી વસ્તુ નથી, એને સ્વાદ નથી, કશું નથી, અનુભવ છે એ તો!!** ...ચાલો બસ ત્યારે?

**જય સચ્ચિદાનંદ!**

**પરમ પૂજ્ય શ્રી કનુદાદાજીના નુતન વર્ષ વિક્રમ સંવત ૨૦૬૯ના આશીર્વાદ**

**ઑકલૅંડ, ન્યુ જીલૅંડથી...**

ૐ

શ્રી સદ્ગુરવે નમોનમઃ શ્રી

ૐ મા સરસ્વત્યૈ નમઃ

- આપણે, સમર્પિત મહાત્મા-દ્રષ્ટિથી ભગવાનની હૃદયમાં હાજરી રાખીએ અને પછી વ્યવહાર કરતા તથા સમજતા જઈએ. આવી રીતે, આપણને, વ્યક્તિગત મહાત્મા-સ્વરૂપે, આપણી જ પોતાની સમજ પડતાં પડતાં, આપણા પોતાના વ્યવહારની તેમજ સર્વમાન્ય સંબંધોના વ્યવહારની બધી બાબતોમાં સામાન્યપણે એટલે કે નોર્માલીટીથી સમજતાં સમજતાં, સર્વ વ્યવહારોમાં સમક્ સમજવાળા થતા જઈશું.

- મહાત્મા એ, એના મન, વચન અને કાયાના વ્યવહારોના, નામ તથા નામની માયાના તથા ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મના સપ્તર્ષિ-સ્વરૂપ સાત પોટલાંના વિશેની ભ્રાંતિ જ્ઞાની સદ્ગુરુને સમર્પણ કર્યા પછી જ મહાત્મ-દશાને પ્રાપ્ત થાય છે અને પછી સત્પુરુષ(સદ્ગુરુ)થી પ્રાપ્ત નિશ્ચયાત્મક વ્યવહારના આજ્ઞાધર્મથી, ભગવત્-વ્યવહારના જીવનથી તેના વ્યવહારોનો સમભાવ દ્રષ્ટિથી નિકાલ કરતો જતાં જીવન-મુક્ત દશાથી મહાત્મા-દશાથી જીવી જતો જાય છે.

- મહાત્મ-દશાએ થઈને, આપણે આપણી વ્યક્તિગત સમર્પણતાને સામાન્ય-દર્શન ઉપયોગ સ્વરૂપે સમજતા જઈશું, તે જ, આપણી, મહાત્માની, નીરંતરની ભાવપૂજાસ્વરૂપ ધનતેરસની પૂજા થતી રહેશે

એ જ આજના ધનતેરસના પવિત્ર
દિવસે કનુદાદાજીના શુદ્ધ
અંતઃકરણથી આશીર્વાદ છે.

૧૨-૧૧-૨૦૧૨, સોમવાર.

જય સચ્ચિદાનંદ.